ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date: 06th June, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
................................,
ભાવનગર.

## સોમવારે નભમાં જોવા મળશે ગ્રહો / ઉપગ્રહોની ટ્રેન : ચાંદામામા બનશે એન્જીન

ગુરુ, શનિ અને ચંદ્રનો અનોખો સંયોગ : અગ્નિ ખૂણા પર (પૂર્વ- દક્ષિણ કોણ) નિહાળી શકાશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

'પરિવર્તન એ સંસારનો નિયમ છે.' આ સનાતન સત્ય સાથે પૃથ્વી અને અવકાશ સતત પરિવર્તિત થયા કરે છે. અતિ સુક્ષ્મથી લઇને વિશાળકાય ફેરફારો થતા રહે છે. અવકાશમાં બનતી અદભૂત ઘટનાઓ આપણને રોમાંચિત કરી મુકે છે. સમય સાથે આપણે પણ તેની સાથે કોઈ ને કોઈ રીતે જોડાઈ રહ્યા છીએ. જેના અનુસંધાને આજના સમયે આપણે અનેક રહસ્યોને જાણી શક્યા છીએ. તેની સાથે જોડાયેલા ધાર્મિક અને વૈજ્ઞાનિક કારણો સમજતા થયા છીએ. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંચાલિત BAC (ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ) દ્વારા અવકાશીય ઘટનાઓ ટેલીસ્કોપ દ્વારા લોકો સુધી પહોચાડવા તથા લોકોમાં ખગોળ વિજ્ઞાન પ્રત્યે રસ વધારવા સતત કાર્યશીલ રહ્યું છે.

જૂન-૨૦૨૦માં આપણે ઘણી અવકાશીય ઘટનાઓના સાક્ષી બની શકીશું. જેમાં તા. ૮ જૂન,૨૦૨૦ ને સોમવારે મધ્ય રાત્રીએ ૧:૫૦ અવકાશમાં ચંદ્ર, ગુરુ અને શનિ ને એક સાથે જોઈ શકીશું. આ ખગોળીય ઘટના અગ્નિ ખૂણા પર (પૂર્વ- દક્ષિણ કોણ) નરી આંખે તથા ટેલિસ્કોપ અથવા બાયનોક્યુલરની મદદ વડે નિહાળવાનો લહાવો ભાવેણાવાસીઓને મળી શકશે.

૫-૬ જૂન ,૨૦૨૦ ના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર સંચાલિત BAC (ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ) દ્વારા ઉપછાયા ચંદ્રગ્રહણ નિહાળવા માટે Facebook Live નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રહણ ભાવનગરમાં વાદળ છાયા વાતાવરણને કારણે યોગ્ય રીતે ન જોઈ શકાતા બેંગ્લોરની અવકાશીય સંસ્થાના માધ્યમથી live streaming source દ્વારા KRCSC Bhavnagar YouTube Live અને Facebook Live પર દર્શાવામાં આવેલ જેમાં Facebook Live દ્વારા 1.1k લોકોએ તથા YouTube Live ના માધ્યમથી ૨૨૧ લોકોએ આ ઘટનાને ઈન્ટરનેટના માધ્યમથી પોતાના મોબાઈલ ફોન/ કોમ્પ્યુટરમાં નિહાળ્યું હતું. ઉપરાંત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા કોમેન્ટમાં પૂછવામાં આવેલ પ્રશ્નોની જિજ્ઞાશા સંતોષવાનો પ્રયત્ન કરેલ. આજ સુધી ટેલીસ્કોપ વડે ગ્રહણ નિહાળવાની ઉત્સુકતા ધરાવતા લોકો એ ઘરે રહીને નેટના માધ્યમથી નિહાળવામાં બહોળો પ્રતિસાદ આપેલ. જે બદલ ચેરમેન શ્રી, ડો. ભાવેશ ભરાડે આભાર વ્યક્ત કર્યો હતો તથા લોક વિજ્ઞાન કેન્દ્રને લોકો સુધી પહોચાડવા માટે પ્રિન્ટ મીડિયા અને ડીજીટલ મીડિયાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ જ પ્રકારે આપનો સહકાર મળતો રહે.

6-6-2020
7 PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર